**ફોજદારી કેસ નં:–૮૭૮૧૦/૧૯**

**આંક:–**

**–: હુ ક મ :–**

**(૧).** સદર કામે ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ આંક–૧ ની હકીકતે ગુનો કરી ગુજરાત નશાબંધી અધીનીયમ, ૧૯૪૯ની કલમ–૬૫(એ)(એ) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. સદર કેસનું ચાર્જશીટ કોર્ટમાં રજુ થતાં આરોપીઓને કોર્ટમાં હાજર રહેવા સારુ સમન્સ ઈસ્યુ કરેલ જે અન્વયે આરોપી આજરોજ કોર્ટનાં હાજર થયેલ છે અને તેને કાયદા મુજબની નકલ આપી, તેમની સામેની ચાર્જ/પ્લી વાંચી સંભળાવી, સમજાવતાં, આરોપીએ ગુનાની કબુલાત પુરસીસ રજુ કરી, સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલ છે.

**(૨).** હાલના કેસમાં આરોપીઓ વિરુઘ્ધનું તહોમત જોતા ૬૦/– રૂપિયાના પ્રોહીબીશન મુદ્દામાલ સાથે આરોપી પકડાયેલ છે, જેથી આરોપી વિરુઘ્ધ ગુનાનું તહોમત જોતાં આરોપીઓ પાસેથી મળી આવેલ જથ્થો અલ્પ માત્રાનો ( Lesser quantity of intoxicat ) જણાય છે. જે સબબ સુધારેલા પ્રોહીબીશન કાયદાની કલમ–૬૫(એ)(એ) ઘ્યાને લેતાં નીચે મુજબ દર્શાવેલ છે.

**<u>કલમ–૬૫(એ)(એ)– અલ્પ માત્રામાં કેફી પદાર્થ કબજામાં રાખવા વિગેરે માટે શિક્ષા:–</u>**

કલમ–૬૫ અને ૬૬ ગમે તે મજકુર હોય તે છતાં, કોઈ વ્યકિત, રાજય સરકારે રાજયપત્રમાં જાહેરનામાંથી નિદષ્ટ કર્યા પ્રમાણેના જથ્થાથી ઓછા જથ્થામાં કોઈ કેફી પદાર્થ વેચે, ખરીદે, કબજામાં રાખે અથવા હેરફેર કરે, તેને દોષિત ઠર્યે આવા દરેક ગુના માટે કેદ જે ત્રણ વર્ષની મુદત સુધી લંબાવી શકાશે અને દંડની સજા પણ થશે.

હાલના કામમાં આરોપીઓ વિરુઘ્ધ આજ પ્રકારના અગાઉ કોઈ ગુના સબબ પુર્વદોષસિઘ્ધિ નથી અને હાલના આરોપીઓએ સ્વેચ્છાએ કોઈપણ પ્રકારની ધાક, ધમકી, દાબ–દબાણ વગર કબુલાત કરવાની રજુઆત કરેલ છે. જેથી આરોપીઓની સ્વૈચ્છિક કબુલાત નહી માનવાને કોઈ કારણ જણાતુ નથી.

**(૩).** આમ, હાલના કામમાં આરોપીઓ સ્વૈચ્છિક ગુનાની કબુલાત કરે છે. આરોપીઓ ગરીબ વર્ગના તેમજ કુટુંબમાં કમાનાર વ્યકિત છે/ યુવાન વયના/વૃઘ્ધ ઉંમરના/ સ્ત્રી આરોપી છે અને ફરીવાર આવો ગુનો નહી કરવાની ખાતરી આપી, સુધરવાની તક આપી, દયાની માંગણી

કરી, યોગ્ય દંડ તથા સજા કરવા રજુઆત કરેલ છે અને આરોપીઓએ સ્વૈચ્છિક કબુલાત કરેલ છે. હાલના કામે ઉપરોકત કાયદાની જોગવાઈઓ ઘ્યાને લેતાં આરોપીઓ પાસેથી મળી આવેલ ગુનો નજીવો ગુનો (પેટી ઓફેન્સ) છે. આરોપીઓ ગરીબ માણસ હોય, નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૫(૧) જી.એલ.આર.૨૦૦૫ ના સરકાર વિ.નટવરલાલ રતનજી ઠાકોરના ચુકાદાને લઈ, આરોપીઓની કબુલાત તથા ગુનાના સંજોગો ઘ્યાને લેતાં તથા સુધારાલક્ષી શિક્ષાની વિચારસરણી (Reformative theory of punishment) ના સિઘ્ધાંતને ઘ્યાને રાખતા આરોપીઓને ન્યુનતમ કે મહત્તમ સજા નહી કરવાથી પણ હેતુ જળવાશે તેવું જણાતુ હોઈ, આરોપીઓને હાલના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં અને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**—ઃ આ ખ રી હુ ક મ ઃ—**

આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ—૨૪૧ અન્વયે ગુજરાત નશાબંધી અધિનીયમની કલમ—૬૫(એ)(એ) હેઠળના શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂપિયા ૫૦૦/— (અંકે રૂપિયા પાંચસો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન—૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ ટ્રાયલ દરમ્યાન આપેલા જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ દારૂનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ આજ તારીખ ૮મી માહે ફેબ્રુઆરી સને ૨૦૨૦ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

મુકામઃ— અમદાવાદ.
તા.૦૮/૦૨/૨૦૨૦

(સી.જે.પટેલ)
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૨.અમદાવાદ.
કોડ નં. જીજે.૦૧૦૫૬.